# મકરસંક્રાતિમાંથી શીખવાના બિઝનેસના પાઠ

માઇન્ડ યોર બિઝનેસ
★ ડૉ. રિદ્ધીશ જોશી

આપણે આ તહેવારને અલગ-અલગ નામોથી બોલાવીએ છીએ - મકરસંક્રાંતિ, પોંગલ, ઉત્તરાયણ, માઘી, લોહરી, બિહુ, મકરસંક્રમણ, શિશુરસંક્રાત અથવા ખીચડી - પરંતુ તમામ ભારતીયો 14મી જાન્યુઆરીએ આ શુભ લણણીનો તહેવાર ઉજવે છે. મકરસંક્રાંતિ, શિયાળાની લણણીના અંત અને નવી લણણીની મોસમની શરૂઆતનો તહેવાર, દેશભરમાં વિવિધ રિવાજો અને પરંપરાઓ અનુસાર ઉજવવામાં આવે છે. જોકે, વિવિધતા હોવા છતાં, મકરસંક્રાંતિની અંતર્ગત થીમ એક જ રહે છે - વિપુલતાની ઉજવણી કરવી. આપણા મકરસંક્રાંતિ માત્ર ધાર્મિક કે ઋતુગત તહેવાર નથી, પરંતુ તે પરિવર્તન, નવી શરૂઆત અને વિપુલતાની ઉજવણીનું પ્રતીક છે. ખાસ કરીને ગુજરાતમાં, ઉત્તરાયણ એટલે પતંગ, અગાશી, દોરી, ફીરકી, સ્પર્ધા અને ઉજવણી. જો આ બધું ઊંડાણપૂર્વક જોવામાં આવે તો સમજાશે કે પતંગ ચગાવવાની આ રમત આપણને જીવન અને બિઝનેસના અણમોલ પાઠ શીખવે છે. ચાલો જાણીએ કે મકરસંક્રાંતિ આપણને બિઝનેસ અને મેનેજમેન્ટ વિશે શું શીખવે છે.

## 1. પવનની દિશા ઓળખવી- માર્કેટ ટ્રેન્ડ સમજવો

પતંગ ચગાવવાની શરૂઆત જ પવનની દિશા ઓળખવાથી થાય છે. જો વ્યક્તિ પવન ક્યાંથી અને કેવી રીતે ફૂંકાઈ રહ્યો છે તે સમજ્યા વગર પતંગને ઉડાડવા પ્રયત્ન કરે, તો તે પતંગને વારંવાર ખોટી દિશામાં દબાણ કરશે. પરિણામે પતંગ ક્યારેય જરૂરી ઊંચાઈ સુધી પહોંચી શકતો નથી અને ઘણી વખત જમીન પર પટકાઈ જાય છે. આ જ સિદ્ધાંત બિઝનેસ પર પણ લાગુ પડે છે. અહીં પવન એટલે બજારનો ટ્રેન્ડ, ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો, ટેક્નોલોજીમાં આવતા ફેરફાર અને સ્પર્ધાત્મક પરિસ્થિતિ. જો ઉદ્યોગસાહસિક આ વલણોને સમજ્યા વિના નિર્ણય લે, તો તેની પ્રોડક્ટ કે સર્વિસ બજાર સાથે તાલમેલ નહીં બેસાડી શકે. સફળ બિઝનેસમેન એ છે જે બજારના સંકેતોને સમયસર ઓળખે જેમ કે ગ્રાહકો શું ઇચ્છે છે, કયો ટ્રેન્ડ ઉદયમાં છે અને કયો ધીમે ધીમે અસ્તમાં જઈ રહ્યો છે. ટ્રેન્ડને પકડવું એટલે માત્ર તેની નકલ કરવી નહીં, પરંતુ તેને સમજીને પોતાની બિઝનેસ સ્ટ્રેટેજીને તે દિશામાં ઢાળવી. જેમ પતંગ પવનની સામે નહીં પરંતુ પવન સાથે ઉડે છે, એમ બિઝનેસ પણ બજારના વલણ સામે લડવાથી નહીં પરંતુ તેને સ્વીકારીને અને તેનો યોગ્ય ઉપયોગ કરીને આગળ વધે છે.

## 2. પવન ફૂંકાય ત્યારે ફાયદો ઉઠાવો- યોગ્ય સમયની ઓળખ

પતંગ ચગાવતી વખતે પવન સતત એકસરખો રહેતો નથી. ક્યારેક અચાનક પવનનું જોર વધે છે અને એ જ ક્ષણ પતંગને ઊંચાઈએ પહોંચાડવાની શ્રેષ્ઠ તક બની જાય છે. જો પવન આવે ત્યારે તરત જ પતંગને હવામાં ફ્લોટ ન કરો અને સમયસર ‘ઠુમકા’ ન મારો, તો એ તક હાથમાંથી નીકળી જાય છે. પવન શાંત પડી જાય પછી માત્ર પ્રયત્ન કરવાથી પતંગ ઊંચે નથી જતો. બિઝનેસમાં પણ પવન એટલે બજારનો પ્રવાહ અને તકોનો પ્રવાહ. કેટલીક તકો સમયબદ્ધ હોય છે જેમ કે નવા ટ્રેન્ડનો ઉદય, ગ્રાહકની નવી જરૂરિયાત, સરકારી નીતિમાં ફેરફાર અથવા ટેક્નોલોજીનો વિકાસ. આવી તકો આવે ત્યારે જો ઉદ્યોગસાહસિક સમયસર નિર્ણય ન લે અને ઝડપી પગલું ન ભરે, તો સ્પર્ધક તે તક ઝડપી લે છે.



**ગુજરાતમાં, ઉત્તરાયણ એટલે પતંગ, અગાશી, દોરી, ફીરકી, સ્પર્ધા અને ઉજવણી. જો આ બધું ઊંડાણપૂર્વક જોવામાં આવે તો સમજાશે કે પતંગ ચગાવવાની આ રમત આપણને જીવન અને બિઝનેસના અણમોલ પાઠ શીખવે છે. ચાલો જાણીએ કે મકરસંક્રાંતિ આપણને બિઝનેસ અને મેનેજમેન્ટ વિશે શું શીખવે છે**

## 3. પ્રતિસ્પર્ધીઓ પર ધ્યાન રાખો

ગુજરાતમાં પતંગ ઉત્સવ માત્ર આનંદ અને ઉજવણી પૂરતો સીમિત નથી, પરંતુ તે એક તીવ્ર સ્પર્ધાનું પ્રતીક પણ છે. દરેક વ્યક્તિ પોતાનો પતંગ ઊંચો રાખવા સાથે-સાથે અન્ય પતંગને કાપવા માટે સતત સજાગ રહે છે. દોરી કેટલી તીક્ષ્ણ છે, તેને ક્યારે અને કેટલી ઝડપથી ખેંચવી કે છોડી દેવી, આ બધું સ્પર્ધામાં જીત નક્કી કરે છે. આ જ વાત બિઝનેસ પર પણ લાગુ પડે છે. બજાર પણ એક ખુલ્લું આકાશ છે જ્યાં અનેક સ્પર્ધકો પોતાના પતંગ ઉડાડી રહ્યા હોય છે. એક સફળ બિઝનેસમેન માટે માત્ર પોતાનો બિઝનેસ આગળ વધારવો પૂરતો નથી, પરંતુ સ્પર્ધકોની ગતિ, તેમની વ્યૂહરચના, નવી પ્રોડક્ટ્સ, ભાવ નીતિ અને માર્કેટિંગ પ્રયાસો પર સતત નજર રાખવી પણ એટલી જ જરૂરી છે. જેમ પતંગ ચગાવનારને ખબર હોવી જોઈએ કે કયો પતંગ તેની નજીક આવી રહ્યો છે, તેમ વ્યાપારીએ પણ ઓળખવું જોઈએ કે કયો સ્પર્ધક ઉદયમાં છે અને ભવિષ્યમાં જોખમ બની શકે છે. ક્યારેક સ્પર્ધકથી બચવા માટે પોતાની સ્થિતિ મજબૂત કરવી પડે છે અને ક્યારેક આક્રમક રણનીતિ અપનાવીને બજારમાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરવી પડે છે.

## 4. પતંગ પરથી નજર ન હટાઓ - સતત મોનીટરિંગ

પતંગ ચગાવો છો ત્યારે તેના પરથી નજર હટાવાનું તમને બિલકુલ પોષાશે નહીં. ઘણીવાર સૂર્યપ્રકાશને કારણે અથવા તો સતત આકાશમાં જોવાને કારણે તમે થોડા રિલેક્ષ થવા માટે પતંગ પરથી નજર હટાવો છો ત્યારે જ ઘણી વાર ક્યાં તો પતંગ ગોથ ખાયને નીચે આવવા માંડશે અથવાતો કોઈ બીજો પતંગ અચાનક આવીને તમારો પતંગ કાપી જશે. બિઝનેસમાં પણ એવું જ છે. તમે થોડા રિલ્ક્સ થશો એટલે તરત જ તમારો બિઝનેઝ નીચે જવા માંડશે અથવાતો તમારો સ્પર્ધક તમને કાપીને બજારભાગ પર કબ્જો જમાવી લેશે. ઘણીવાર આપણને એવું પણ થાય છે કે મારી આજુ બાજુ કોઈ પતંગ નથી એટલે મને રિલેક્ષ થવા દો પરંતુ ત્યારેજ કોઈ આવીને તમારો પતંગ કાપી જશે. બિઝનેસમાં પણ તમને તમારા પતંગ એકલે કે તમારા બિઝનેસ પરથી નજર નહીં હટાવી શકો.

## 5. ઊંચાઇ - ફાયદો અને નુકશાન

પતંગ ચગાવા પાછળ ઘણું વિજ્ઞાન કામ કરે છે એમાં પણ જો તમારો પતંગ ખુબ ઊંચો ઉડતો હોય તો એના અમુક ફાયદા અને નુકશાન બંને છે. તમારો પતંગ ખુબ ઊંચો હોય ત્યારે હવાનું વિજ્ઞાન તમારી તરફેણમાં કામ કરે છે. નવા ચગેલા પતંગ તમને આસાનીથી કાપી નથી શકતા. તમને ઊંચાઈ અને હવાનો ફાયદો મળે છે. આવી જ રીતે જયારે તમે તમારો બિઝનેસ ખુબ ઊંચાઈએ હોય ત્યારે નવા અને નાના સ્પર્ધકો પછી એ ભલે તમારી આજુબાજુ ઉડતા હોય તમને વધુ નુકશાન નહીં કરી શકે. આનાથી વિપરીત પતંગ ખુબ ઊંચાઈએ ઉડતો હોય તો એનું નુકશાન પણ છે. કોઈ સક્ષમ સ્પર્ધક તમને ભાર દોરીએ હાથ પાસેથી કાપી શકે છે. એ વેદના તમને અત્યારે ફીલ થતી હશે. બિઝનેસમાં પણ જો તમે ઊંચાઈએ ઉડી રહ્યા છો તો ધ્યાન રાખજો કે કોઈ નવો પરંતુ સક્ષમ સ્પર્ધક તમને ભાર દોરીએ કાપીને મોટું નાણાકીય નુકશાન ન કરાવી જાય.

## 6. બીજા સંસાધનો પણ એટલા જ જરૂરી - રિસોર્સ મેનેજમેન્ટ

પતંગ એટલેકે બિઝનેસને સફળતાપૂર્વક હવામાં ઉડાડવા માટે, સ્થિર રાખવા માટે, ઊંચાઈએ પહોંચાડવા માટે, લાંબો સમય ચગાવવા માટે બીજા બધા રીસોર્સીસનો પણ મહત્તમ અને યોગ્ય ઉપયોગ કરતા આવડવું જોઈએ.

પતંગના કન્ના બરાબર બાંધેલા હશે તો જ પતંગ સ્થિર રહેશે અને હવાને જાળવી રાખશે જેને આપણે ટાર્ગેટ માર્કેટ અને માર્કેટિંગ સ્ટ્રેટેજી સાથે સરખાવી શકીએ. ફીરકી એ નાણાકીય સ્ત્રોત છે જયારે દોરી એ નાણાં છે જેને આપણે સાચવીને વાપરીએ છીએ. દોરી ઓછી થતા કપાઈને આવેલા પતંગની દોરી વાપરવી એને આપણે બહારના નાણાકીય સ્ત્રોત તરીકે ઘણી શકીએ. ફીરકી પકડનાર એ તમારો બિઝનેસ પાર્ટનર છે જેની ભૂમિકા પણ તમારા જેટલી જ મહત્વની છે. જે અગાશી અને સ્થળ તમે પસંદ કર્યું છે એ પણ તમારું પસંદ કરેલું બજાર છે. કોઈવાર કપાયેલા પતંગને તમે હવામાંથી લપેટાઈને લઇ એવો છો એ જોઈન્ટ વેન્ચર કે મર્જરની નિશાની છે. ચીકી, મમરાના લાડુ, વગેરે એ બિઝનેસમાં બ્રેક લઈને કરવામાં આવતી નાની મોટી ઉજવણીની નિશાની છે. તહેવાર દરમ્યાન ઉત્સાહ અને ઉમંગ દર્શાવે છે કે જીવનમાં હંમેશા આનંદ માનતા રહો.

મકરસંક્રાંતિ આપણને માત્ર પતંગ ચગાવવાનું નથી શીખવતી, પરંતુ દિશા, સમય, સંસાધન, સ્પર્ધા અને સંતુલનનું મહત્વ સમજાવે છે.

જો આપણે આ પાઠોને આપણા બિઝનેસ અને જીવનમાં ઉતારીએ, તો સફળતા માત્ર સંયોગ નહીં પરંતુ આયોજન બની જાય. આકાશ જેટલી ઊંચી સફળતા અને દોરી જેટલી મજબૂત સમજ સાથે હેપ્પી મકરસંક્રાંતિ!•